શાળા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા અંગેની સુચનાઓ

Commissioner of School
Guj. State
Gandhinagar

- બિનસરકારી અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા અન્વયે વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા અપાયેલ શાળા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓની પસંદગીની શાળા ફળવાયેલ છે જેની વિગતો વેબસાઈટ www.gserc.in પર મુકવામાં આવેલ છે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- શાળા પસંદગી ન આપનાર અને મર્યાદિત શાળા પસંદગી ઉમેદવારો ભરતી પ્રક્રીયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા.૨૭/૦૫/૨૦૨૧ના રોજ બપોરે ૧.૦૦ કલાકથી તા.૦૧/૦૬/૨૦૨૧ના રોજ સવારે ૧૦.૩૦ કલાક દરમ્યાન વેબસાઈટ પરથી પોતાનો શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.
- ઓનલાઈન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે, ..................................
  - ઓનલાઇન શાળા ફાળવણીપત્ર મેળવવા માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન જિલ્લા પસંદગી અને શાળા પસંદગી માટે લોગઇન થયા હતા તે જ રીતે લોગઇન થવાનુ રહેશે.
  - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ **Apply for Higher Secondary Grant-in-aid** વિકલ્પ કલીક કરવાનો રહેશે.
  - જે કલીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ,પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
  - બિનસરકારી અનુદાનિત ઉચ્ચત્તર માધ્યમિક વિભાગમાં આપની પસંદગી થયેલ છે પરંતુ જો આપે બિનસરકારી માધ્યમિક વિભાગમાં પણ ઉમેદવારી નોંધાવી હોય તો આપે માધ્યમિક વિભાગમાં અન્ય બેરોજગાર ઉમેદવારને રોજગારી મળી રહે તે હેતુથી આપ આપની માધ્યમિક વિભાગની ઉમેદવારી સ્વેચ્છાએ રદ કરવા ઇચ્છો તે ઇચ્છનીય છે આ અન્વયે લોગઈન થતાં સ્ક્રીન પર ડાઉનલોડ સ્કૂલ એલોટમેન્ટ લેટર ઓપ્શન કલીક કરતાં નીચે મુજબના ચાર પ્રશ્નો ખુલશે.
    1. શું તમે અનુદાનિત માધ્યમિક માટે ઊમેદવારી નોંધાવેલ છે? (હા/ના)
    2. જો હા તો કયા વિષય માટે? (વિષયો ડ્રોપડાઉન લિસ્ટમા આપી દેવામાં આવેલ છે.)
    3. આપ આપની માધ્યમિકની આ ઊમેદવારી સ્વેચ્છાએ રદ કરાવવા ઇચ્છો છો? (હા/ના)
    4. જો હા તો આપનો માધ્યમિક નો ટાટ નંબર નીચે ના બોક્ષમા લખો.

જેનો પ્રત્યુત્તર આપ્યા બાદ શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ થઈ શકશે અને તેની PRINT મેળવી શકાશે.

- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબ તારીખ, સમયે અને સ્થળે પોતાનો ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા હાજર રહેવાનુ રહેશે.
- જિલ્લા કક્ષાએ સૂચવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેનાર ઉમેદવાર નિમણુક માટે હકદાર રહેશે નહીં અને આ અંગે ઉમેદવારની કોઇપણ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ઉમેદવારે જિલ્લા મથકે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો/ગુણ પત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.

Commissioner of School
Gui. State
Gandhinagar

- જો ઉમેદવાર COVID-19 પોઝીટીવ હોય/ક્વોરન્ટાઈન/કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તો ઉમેદવારે સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા માટે અન્ય કોઈ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી હાજર રાખવાના રહેશે તદ્નુસાર શાળામાં હાજર થવાની તારીખમાં પણ છૂટછાટ મેળવવા જિલ્લા કક્ષાએ જરૂરી પ્રક્રીયા કરવાની રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે જે ઉમેદવાર સરકારી અથવા ગ્રાન્ટ-ઈન-એઈડ ઉચ્ચતર માધ્યમિક શાળામાં સેવા બજાવતા હોય અને પોતાની નિમણૂંકની તારીખથી 03 વર્ષનો સમયગાળા પહેલા રાજીનામુ આપી સદર શાળા ફાળવણીથી નવી નિમણૂંકમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારે રૂ. 3,00,000/- (ત્રણ લાખ) રાજ્ય સરકારમાં જમા કરાવવાના રહેશે.
- જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય "તેઓ સદર ભરતી પ્રક્રીયા અન્વયે તેઓને મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવેલ આ શાળામાં જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુ થી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓ પોતાના માસિક પગાર માંથી ૫,૦૦૦/- રૂ. ૪૦ માસ માટે એમ કુલ ૨,૦૦,૦૦૦/- રૂ. સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.
- જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો નથી/અન્ય જગ્યાએ નોકરી કરે છે અને મેરીટ કમ પ્રેફરન્સને આધારે તેઓને ફાળવેલ આ શાળામાં હાજર ન થાય તો આવા ઉમેદવારોને અન્ય આગામી ભરતી પ્રક્રિયામાંથી બાકાત કરવામાં આવશે.
- શિ.વિ.ના તા.22/03/2017 ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે ઉમેદવારે ફરજિયાતપણે 300/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂનામાં જામીનખત ભલામણ પત્ર મેળવતા સમયે રજૂ કરવાનો રહેશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(જામીનખત નો નમૂનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે)
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- નિમણૂંક હુકમ મેળવવા અન્વયે ઉમેદવારોએ પોતાના અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રકો ખરાઇ અર્થે સંબંધિત શાળા મંડળને 6 મહિના માટે જમા કરાવવાના રહેશે.
- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી લાયકાત મેળવેલ ઉમેદવારોના કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા જે તે યુનિવર્સીટીમાંથી ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારોની ખરાઈ બાદ જ ઉમેદ્વાર નિમણૂંકને હક્કદાર બનશે.
- કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાને લેતાં જો ઉમેદવાર પોતાના શાળા ફાળવણીપત્રની હાર્ડ કોપી મેળવી શકે તેમ ન હોય તો ઉમેદવાર શાળા ફાળવણીપત્ર પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી જિલ્લા કક્ષાએ સોફ્ટ કોપીમાં રજૂ કરી શકશે.
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમ મેળવવાના સ્થળે ઉમેદવારોએ કોવીડ-૧૯ના કારણે ફેલાયેલ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની ગાઇડલાઇનનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સહુનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપસૌને શિક્ષણ વિભાગના સનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.